# કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનને જાનથી મારી નાખવાની ધમકી

**મંત્રીની** કચેરીએ ગૃહ મંત્રાલયને તપાસ અને સુરક્ષા વધારવાની માંગ કરી

નવી દિલ્હી, તા. ૧ (PTI) ઝેડ-કેટેગરીની સુરક્ષા ધરાવતા કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનને મંગળવારે ધમકીભર્યા સંદેશાઓ મળ્યા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમની આતંકવાદીઓ દ્વારા હત્યા કરવામાં આવશે, તેમના કાર્યાલયના જણાવ્યા અનુસાર, જેણે તેમના માટે સુરક્ષા વધારવાની માંગ કરી છે.

લોક જનશક્તિ પાર્ટી (આર)ના વડા પાસવાનના કાર્યાલયે આ મામલે ગૃહ મંત્રાલય પાસે ઝીણવટભરી તપાસની માંગ કરી છે. પાસવાન કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી છે.

પાસવાનના એડિશનલ પ્રાઈવેટ સેક્રેટરી આલોક કુમાર સિંહે ગૃહ સચિવ ગોવિંદ મોહનને લખેલા પત્રમાં જણાવ્યું હતું, ''આજે મંત્રાલયમાં બે મોબાઈલ નંબર ધરાવતો એક અનામી પત્ર (સહી વગરનો પત્ર) મળ્યો હતો. તેને ખોલતાં જ તેમાં કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રીના જીવન સામે સીધો ખતરો હોવાનું માલૂમ પડ્યું હતું. પત્રમાં ધમકીભર્યો ભાગ, જેમાં દર્શાવેલ મોબાઈલ નંબરો સિવાયનો ભાગ છે, તેમાં લખ્યું હતુંઃ ''કટ્ટરપંથી આતંકવાદીઓ દ્વારા ટૂંક સમયમાં જ તમારી હત્યા કરી દેવામાં આવશે.''

પત્ર અનુસાર, સંદેશાવ્યવહારની સામગ્રી, ખાસ કરીને ધમકીનું સીધું સ્વરૂપ અને 'કટ્ટરપંથી આતંકવાદીઓ'નો સંદર્ભ, ગંભીર ચિંતાનો વિષય છે અને તે મંત્રીની સુરક્ષા અને સલામતી અંગે ગંભીર આશંકાઓ પેદા કરે છે. મંત્રીના કાર્યાલયે ગૃહ મંત્રાલયને આ મામલે તાકીદના ધોરણે ધ્યાન આપવા વિનંતી કરી છે.

# મોદીની ફરી અપીલ: બિનજરૂરી સોનું ન ખરીદો

**ભારતનો** જીડીપી ગ્રોથ 7.8 ટકા નોંધાતા પીએમ મોદીએ દેશવાસીઓને બિરદાવ્યા

**મોદીએ** દેશના અર્થતંત્ર અંગે 'ઝૂઠ કી ગૂંજ' ફેલાવનારાઓ પર કર્યા આકરા પ્રહારો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દેશના 7.8 ટકા જીડીપી (GDP) વિકાસ દર માટે દેશના નાગરિકોને બિરદાવ્યા છે. તેમણે આ સિદ્ધિને દેશવાસીઓના સામૂહિક સંકલ્પ અને અથાક પ્રયાસોનું પરિણામ ગણાવ્યું હતું. વૈશ્વિક સ્તરે ચાલતા યુદ્ધો, ભૌગોલિક-રાજકીય અસ્થિરતા અને સપ્લાય ચેઈનની ગંભીર સમસ્યાઓ વચ્ચે ભારત દ્વારા પ્રાપ્ત કરાયેલી આ આર્થિક સિદ્ધિને પીએમ મોદીએ અત્યંત પ્રભાવશાળી અને 'અસાધારણ સિદ્ધિ' ગણાવી હતી.

ઈન્સ્ટાગ્રામ પર જાહેર કરેલા એક વીડિયો સંદેશમાં વડા પ્રધાને દેશને આત્મનિર્ભરતા અને સ્વદેશી તરફ ઝડપથી આગળ વધારવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે વિકાસની આ ગતિને જાળવી રાખવા આત્મનિર્ભર ભારત બનવું અનિવાર્ય છે. તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે તેઓ વિદેશમાં રજાઓ ગાળવા જવાનું, વિદેશમાં લગ્નનું આયોજન કરવાનું કે બિનજરૂરી સોનું ખરીદવાનું ટાળે અને તેના બદલે 'વેડિંગ્સ ઈન ઈન્ડિયા'નો આગ્રહ રાખે. જો દેશવાસીઓ સ્વદેશી અપનાવશે તો આઝાદીના 100મા વર્ષ સુધીમાં યુવાનોને એક સમૃદ્ધ અને વિકસિત ભારતની ભેટ મળશે.

સાથે જ વડા પ્રધાને ભારતીય અર્થતંત્ર અંગે નિરાશા અને 'ઝૂઠ કી ગૂંજ' (જૂઠાણાનો અવાજ) ફેલાવનારા વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ઉમેર્યું કે 2020ની કોવિડ મહામારી પછી વિશ્વના મોટા ભાગના દેશોમાં આર્થિક અસ્થિરતા રહી છે, છતાં ભારત મજબૂતાઈથી આગળ વધી રહ્યું છે.

# CGPSC કૌભાંડમાં EDના દરોડા

**ભૂપેશ** બઘેલના પૂર્વ PA સહિત 7 સ્થળોએ તપાસ તેજ

રાયપુર, તા. 1 (PTI) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે છત્તીસગઢમાં રાજ્ય જાહેર સેવા આયોગ (પીએસસી)માં કથિત અનિયમિતતાઓ સાથે જોડાયેલી મની લોન્ડરિંગ તપાસમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના એક પૂર્વ અંગત સહાયક (પીએ) સહિતનાં અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસના ભાગરૂપે ભિલાઈ, દુર્ગ અને રાયપુરમાં કુલ સાત સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ તપાસ છત્તીસગઢ જાહેર સેવા આયોગ (સીજીપીએસસી)માં થયેલી કથિત અનિયમિતતાઓ સંબંધિત છે અને જે પરિસરો પર દરોડા પાડવામાં આવ્યા છે તેમાં બઘેલના પૂર્વ અંગત સહાયક કે. કે. ચંદ્રાકરના પરિસરનો પણ સમાવેશ થાય છે.

બઘેલે અગાઉ દારૂ અને કોલસા લેવી સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને ફગાવી દીધા હતા અને આ આરોપોને તેમની અને તેમની સાથે જોડાયેલા લોકો સામે રાજકીય દ્વેષપૂર્ણ કાર્યવાહી ગણાવી હતી. આ મની લોન્ડરિંગ તપાસ છત્તીસગઢ ઈઓડબ્લ્યુની એફઆઈઆર અને જુલાઈ 2024માં સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ત્યાર પછીની ફરિયાદમાંથી ઉદ્ભવી છે. નવેમ્બર 2023માં છત્તીસગઢમાં ભાજપે કોંગ્રેસ પક્ષને હરાવીને સત્તા મેળવ્યા બાદ સીબીઆઈ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સીજીપીએસસી આયોજિત રાજ્ય સેવા પરીક્ષાઓમાં કથિત ભ્રષ્ટાચાર, પ્રશ્નપત્ર લીક અને ગડબડ સંબંધિત આ તપાસના ભાગરૂપે જુલાઈમાં કેન્દ્રીય એજન્સી દ્વારા પીએસસીના પૂર્વ અધ્યક્ષ તમન સિંહ સોનવાનીની ધરપકડ કરવામાં આવી હતી. સોનવાનીની 2024માં સીબીઆઈ દ્વારા પણ ધરપકડ કરવામાં આવી હતી.

# સિકંદરાબાદ આર્મી કેમ્પમાં મોટી ચોરી

**એસોલ્ટ** રાઈફલ્સ અને પિસ્તોલ સહિત હથિયારો, કારતૂસ અને નાઈટ વિઝન કેમેરા ગાયબ થતા તણાવ

**સેનાએ** શસ્ત્રોના ગેરઉપયોગની શંકા વ્યક્ત કરી,સેનાએ નોંધાવી FIR અને આંતરિક તપાસ શરૂ કરી

હૈદરાબાદ, તા. 1 (પીટીઆઈ): સિકંદરાબાદ સ્થિત ભારતીય સેનાના શસ્ત્રાગારમાંથી એસોલ્ટ રાઈફલ્સ, પિસ્તોલ, મેગેઝિન અને દારૂગોળો ચોરી થવાની ગંભીર ઘટના સામે આવી છે. ઘટના બહાર આવ્યા બાદ સેનાએ સ્થાનિક પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે અને શસ્ત્રો ગુમ થવાના સંજોગો તપાસવા માટે એક વિગતવાર આંતરિક તપાસ શરૂ કરી છે. એફઆઈઆર મુજબ, મદ્રાસ રેજિમેન્ટ (20મી બટાલિયન)ના 'કોટ અને બટાલિયન મેગેઝિન' (દારૂગોળાના સ્ટોરેજ)માંથી પાંચ એસોલ્ટ રાઈફલ, સાત પિસ્તોલ, 21 મેગેઝિન, કારતૂસ અને એક પેસિવ નાઈટ વિઝન બાઈનોક્યુલરની ચોરી થઈ છે. 31 ઓગસ્ટ 2026ના રોજ સવારે આશરે 7:50 વાગ્યે જ્યારે શસ્ત્રાગાર ખોલવામાં આવ્યું ત્યારે દરવાજાના તાળા તૂટેલા જોવા મળ્યા હતા. આ અગાઉ 30 ઓગસ્ટે સાંજે 6:00 વાગ્યે તમામ શસ્ત્રોની ભૌતિક ગણતરી કરવામાં આવી હતી.

ગાયબ થયેલા શસ્ત્રો અને દારૂગોળાના ગંભીર સ્વરૂપને ધ્યાનમાં રાખીને તેનો ગેરકાયદેસર કબજો, દુરૂપયોગ કે અસામાજિક તત્વો સુધી પહોંચવાની શક્યતા સેવાઈ રહી છે. આથી સેનાએ ચોરાયેલા હથિયારો શોધવા અને જવાબદારોની ઓળખ કરવા માટે તાત્કાલિક પગલાં ભરવા પોલીસને વિનંતી કરી છે.

સેનાના અધિકારીઓએ વિસ્તારને સીલ કરીને તમામ સ્ટોરેજ અને આસપાસના પરિસરની ગહન તપાસ હાથ ધરી છે. શસ્ત્રાગારમાં અધિકૃત પ્રવેશ ધરાવતા કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. સેનાએ તપાસ એજન્સીઓને તમામ રેકોર્ડ આપવાની અને પૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી છે.






# બ્રિટનના લેંકેશાયરમાં અનોખી ગ્રેવી કુસ્તી સ્પર્ધા

**૨૦૦૭થી** દર વર્ષે યોજાતી આ અનોખી કુસ્તીની રિંગમાં શાકનો રસો રેડવામાં આવે છે અને આ લપસણી રિંગમાં કુસ્તી લડાય છે

**યુકે** ઉપરાંત અન્ય દેશોમાંથી પણ સ્પર્ધકો ભાગ લે છે

લેંકેશાયર(યુકે), તા. ૧: વિશ્વ ગ્રેવી રેસલિંગ ચેમ્પિયનશિપ જોવા માટે બેંક હોલિડે સોમવારે અહીં વિશાળ જનમેદની એકઠી થઈ હતી.

અન્ય દેશોમાંથી પણ લોકો જેમાં ભાગ લે છે તેવી આ સ્પર્ધા સૌપ્રથમ 2007માં યોજાઈ હતી. લેંકેશાયરના બેકઅપ ક્રિકેટ ક્લબ ખાતે ફેન્સી ડ્રેસ પહેરેલા સ્પર્ધકો વચ્ચે બે-બે મિનિટના દાવ ખેલાય તે પહેલાં રિંગમાં આશરે 1,500 લીટર વાનગી માટેનો રસો રેડવામાં આવ્યો હતો. ચાર જજની પેનલ દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે,

જેઓ કુસ્તીના કૌશલ્ય અને ફેન્સી ડ્રેસ કોસ્ચ્યુમની સાથે સાથે દર્શકોના પ્રતિસાદ પર પણ ધ્યાન આપે છે.

15,000 'સંડે રોસ્ટ' માટે પૂરતી થઈ પડે તેટલી આ ગ્રેવી, એન્ડ્રુ હોલ્ટની માલિકીની 'ધ રિયલ લેંકેશાયર બ્લેક પુડિંગ કંપની'ની ફેક્ટરીમાં બનાવવામાં આવે છે. હોલ્ટ, જેમની ગ્રેવીની રેસિપી મૂળ રીતે તેમના દાદીમાની હતી, તેમણે જણાવ્યું હતું કે ફેક્ટરીમાં રિંગમાં મિક્સ કરતા પહેલા ત્રણ અલગ-અલગ જાડાઈ ધરાવતી ગ્રેવી તૈયાર કરવામાં આવે છે.

તેમણે ઉમેર્યું હતું કે સમગ્ર ઈવેન્ટ દરમિયાન ગ્રેવીની જાડાઈ પર નિયંત્રણ રાખવામાં આવે છે જેથી તમામ સ્પર્ધકો માટે તે એકસરખી રહે.

# અન્ના હઝારે મુંબઈની હોસ્પિટલમાં દાખલ

**કિડનીમાં** ઇન્ફેક્શન હોવાનું સામે આવ્યું

મુંબઈ, તા. 1: સોશિયલ એક્ટિવિસ્ટ અન્ના હઝારેના બ્લડ રિપોર્ટમાં કિડની ઈન્ફેક્શન હોવાનું સામે આવ્યા બાદ તેમને અત્રેની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ તેમના સહયોગીએ મંગળવારે જણાવ્યું હતું.

કન્સલ્ટન્ટ ફિઝિશિયન ડૉ. ગૌતમ ભણસાલીએ જણાવ્યું હતું કે, હઝારેની સ્થિતિ સ્થિર છે અને તેઓ રિકવર થઈ રહ્યા છે.

ભણસાલીએ કહ્યું હતું કે, "તેઓ પહેલાં કરતાં સારા છે અને તેમની સ્થિતિ સ્થિર છે."

તેમના સહયોગી દત્તા અવારીએ જણાવ્યું હતું કે, 89 વર્ષીય હઝારેને સોમવારે રાત્રે તેમના વતન અહિલ્યાનગર જિલ્લાના રાલેગણ સિદ્ધિ ગામથી મુંબઈની બોમ્બે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં શરૂઆતની સારવાર માટે તેમને સ્થાનિક તબીબી સુવિધામાં દાખલ કરવામાં આવ્યા હતા.

અવારીએ કહ્યું, "અન્નાના બ્લડ રિપોર્ટ મુજબ, તેમને કિડનીનું ઈન્ફેક્શન હતું, પરંતુ હવે તેઓ સાજા થઈ રહ્યા છે."

ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકરને ગયા અઠવાડિયે અહિલ્યાનગરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેઓ સાજા થઈ ગયા હતા.

બોમ્બે હોસ્પિટલના ડોક્ટરો હઝારેની સ્થિતિનું વિગતવાર મૂલ્યાંકન કરી રહ્યા છે.

# મમતાની ભાણી નિવાસસ્થાને ફાંસો ખાધેલી હાલતમાં મળી

**પરિવારના** જણાવ્યા મુજબ લાંબા સમયથી ડિપ્રેશન અને અંગત-વ્યાવસાયિક તણાવથી પરેશાન હતી, પોલીસે તપાસ શરૂ કરી

કોલકાતા, તા. 1(પીટીઆઈ): તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીની ભાણી બ્રિસ્તી મુખર્જી (28) મંગળવારે બીરભૂમ જિલ્લાના રામપુરહાટ વિસ્તારમાં આવેલા કુસુમ્બા ગામ સ્થિત તેમનાં નિવાસસ્થાને ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે તેનો મૃતદેહ કબજે લઈને રામપુરહાટ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, બ્રિસ્તી મમતાના મામેરા ભાઈ નિહાર મુખર્જીનાં પુત્રી હતાં. નિહાર અગાઉ રામપુરહાટ-I બ્લોકના તૃણમૂલ કોંગ્રેસ પ્રમુખ રહી ચૂક્યા છે. પોલીસે અકુદરતી મૃત્યુનો કેસ નોંધી પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ અને અન્ય તપાસ પૂર્ણ થયા બાદ જ મૃત્યુના સંજોગો અને ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. પરિવારજનોના જણાવ્યા મુજબ, બ્રિસ્તી છેલ્લા કેટલાક વર્ષોથી ડિપ્રેશનથી પીડાતી હતી અને દવાઓ લેતી હતી. તે અંગત અને વ્યાવસાયિક તણાવમાંથી પણ પસાર થઈ રહી હતી. અગાઉની TMC સરકારના કાર્યકાળમાં સરકારી સહાયિત શાળાઓમાં ભરતી પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓને કારણે કોર્ટના આદેશથી તેની બોલપુર હાઈસ્કૂલની ગ્રુપ-સીની નોકરી રદ થઈ હતી. ઉપરાંત, તેના છૂટાછેડાની કાર્યવાહી પણ ચાલી રહી હતી. પોલીસે પ્રાથમિક રીતે આપઘાતની શક્યતા વ્યક્ત કરી છે, જોકે પોસ્ટમોર્ટમ અને સંપૂર્ણ તપાસ પૂરી થયા પહેલાં કોઈ અંતિમ નિષ્કર્ષ પર નહીં પહોંચવાની સ્પષ્ટતા કરી છે.

# મુંબઈમાં દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ. 9નો વધારો

**છૂટક** ભાવ પણ વધીને પ્રતિ લિટર રૂ. 115-125

મુંબઈ, તા. 1 (પીટીઆઈ) તહેવારોની મોસમ પહેલાં ઘરગથ્થુ બજેટને ફટકો આપતાં મુંબઈમાં તબેલાઓમાંથી સપ્લાય કરવામાં આવતા તાજા ભેંસના દૂધની કિંમત મંગળવારથી પ્રતિ લિટર રૂ. 9 વધીને રૂ. 102 પ્રતિ લિટર થઈ ગઈ છે.

મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ વેલફેર એસોસિએશન (એમએમપીએ) અનુસાર, દૂધાળા પશુઓની ખરીદીના ખર્ચમાં 60થી 70 ટકાનો ઉછાળો અને ઘાસચારાના ભાવમાં 25 ટકાનો વધારો સરભર કરવા માટે આ વધારેલો દર 28 ફેબ્રુઆરી, 2027 સુધી અમલમાં રહેશે.

એમએમપીએના ચેરમેન સી કે સિંહે જણાવ્યું હતું કે, "1 સપ્ટેમ્બરથી હોલસેલ ભાવમાં પ્રતિ લિટર રૂ. 9ના વધારાનો અર્થ એ છે કે જે-તે વિસ્તાર અને સ્થાનિક માંગના આધારે છૂટક ભાવ પણ વધીને પ્રતિ લિટર રૂ. 115-125 અથવા તેનાથી વધુ થઈ શકે છે."

હોલસેલ ભાવ વધારવાનો નિર્ણય એમએમપીએની દ્વિ-વાર્ષિક સામાન્ય સભામાં લેવામાં આવ્યો હતો, જે ડેરીઓ, આસપાસના છૂટક વિક્રેતાઓ અને ફાર્મના તેના નેટવર્ક દ્વારા તાજું ભેંસનું દૂધ પૂરું પાડે છે.

70 વર્ષ જૂના એસોસિએશનના ઈતિહાસમાં આ વધારો સૌથી વધુ છે. આ અગાઉ ફેબ્રુઆરીમાં ભાવ રૂ. 91થી વધીને રૂ. 93 પ્રતિ લિટર થયો હતો.

આ પગલાથી દૂધની માંગ પર અસર પડે તેવી શક્યતા છે, જે સામાન્ય રીતે તહેવારો અને લગ્નની સીઝન દરમિયાન 35થી 40 ટકા વધી જાય છે જ્યારે ઘરો અને વ્યાપારી પ્રસાધનોમાં મોટા પ્રમાણમાં મીઠાઈઓ બનાવવામાં આવે છે. આનાથી દૂધ આધારિત પીણાં, ઠંડા અને ફ્રોઝન ડેઝર્ટ તથા અન્ય ડેરી ઉત્પાદનોની કિંમતમાં પણ વધારો થવાની શક્યતા છે.

# યુક્રેન પર રશિયાનો ભીષણ હુમલો: 1 ભારતીય સહિત 12નાં મોત

**કિવ** અને ઓડેસા સહિત અનેક શહેરોમાં મિસાઈલ-ડ્રોન વડે તબાહી ઝેલેન્સ્કીએ પશ્ચિમી દેશો પાસે વધુ એર ડિફેન્સ સહાય માગી

લંડન, તા. 1 (પીટીઆઈ): યુક્રેન પર રશિયા દ્વારા કરવામાં આવેલા તાજેતરના હવાઈ અને ડ્રોન હુમલાઓમાં એક ભારતીય નાગરિક સહિત 12 લોકોનાં મોત થયાં છે. યુક્રેન પ્રમુખ વોલોદોમિર ઝેલેન્સ્કીએ મંગળવારે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી સાથે જ તેમણે મૃતકો પ્રત્ય સંવેદના વ્યક્ત કરી હતી.

પૂર્વી યુરોપીય દેશ યુક્રેનના કિવ, ઓડેસા, ખેરસોન, ડોનેત્સ્ક, ઝાપોરિઝિયા, ખાર્કિવ, ચર્નિહિવ, ઝીતોમિર, સુમી અને ડિનિપ્રો સહિતના અનેક શહેરોમાં રશિયાએ બેલેસ્ટિક મિસાઈલો અને જેટ સંચાલિત ડ્રોન વડે હુમલા કર્યા છે, જેમાં અનેક નિવાસી મકાનો અને નાગરિક પાયાના માળખાને ભારે નુકસાન પહોંચ્યું છે.

ઝેલેન્સ્કીએ જણાવ્યું કે સોમવાર સાંજથી ઓડેસા શહેર અને આસપાસના વિસ્તારોમાં ગાઈડેડ બોમ્બ અને ડ્રોનથી સતત હુમલા ચાલુ છે, જેના કારણે હજારો પરિવારો વીજળી વિના અંધારામાં જીવવા મજબૂર બન્યા છે. કિવમાં રેલ્વે ડેપો પર થયેલા હુમલામાં 7 લોકોનાં મોત થયાં છે, જ્યારે બોરિસ્પિલમાં એક પાંચ માળની રહેણાંક ઈમારત ક્ષતિગ્રસ્ત થતા 50 લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં ચાર લોકોનાં મોત થયાં છે અને 13 લોકો ઈજાગ્રસ્ત થયા છે. એકલા કિવ અને આસપાસના વિસ્તારોમાં જ 350 જેટલા રાહત અને બચાવ કાર્યકરો કામગીરીમાં જોડાયા છે.

આ ઉપરાંત રોમાનિયા સરહદ નજીકના બોર્ડર ક્રોસિંગ અને નિકાસ માળખાને પણ રશિયાએ ઈરાદાપૂર્વક નિશાન બનાવ્યું છે. ઝેલેન્સ્કીએ રશિયા પર સામાન્ય નાગરિકોને નિશાન બનાવવાનો આરોપ મૂકીને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને પશ્ચિમી દેશો પાસે યુક્રેન માટે વધુ એર ડિફેન્સ સહાયની માગ કરી હતી. તેમણે કહ્યું કે હુમલામાં પીડિતોની સંખ્યા એર ડિફેન્સ ક્ષમતા પર આધારિત છે.




## લગ્નના 5 મહિનામાં જ બાદશાહ અને ઇશા રિકીના તલાક




મુંબઈ, તા. 1 રૈપર બાદશાહ અને પંજાબી એક્ટ્રેસ ઇશા રિકીએ પોતાના લગ્નના 5 મહિના પછી જ એકબીજાથી અલગ થવાની જાહેરાત કરી દીધી છે. બંનેએ સોમવારે રાત્રે પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ શેર કરીને તલાકની પુષ્ટિ કરી હતી. બાદશાહે પોતાની પોસ્ટમાં કહ્યું કે, આ નિર્ણય બંનેની પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો છે. તેમણે ફેન્સ અને મીડિયાને આ સમયમાં તેમની પ્રાઇવસીનું સન્માન કરવા અને કોઈપણ પ્રકારની અટકળો ન લગાવવાની વિનંતી કરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી બંનેના સંબંધોમાં અણબનાવના સમાચાર આવી રહ્યા હતા. ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં બાદશાહે લખ્યું, "અમારો આ નિર્ણય પરસ્પર સંમતિથી લેવામાં આવ્યો છે. અમે તમામ લોકોને વિનંતી કરીએ છીએ કે, આ સમયે અમારી પ્રાઇવસીનું ધ્યાન રાખે.

## પેપરાઝી પર ગુસ્સે થઈ ગઈ કરીના કપૂર




મુંબઈ, તા. 1 એક્ટ્રેસ કરીના કપૂર ખાન પોતાની આવનારી ફિલ્મ 'દાયરા'ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં પેપરાઝી પર ગુસ્સે થઈ ગઈ હતી. મુંબઈમાં આયોજિત આ ઈવેન્ટ દરમિયાન જ્યારે તે પેપરાઝીને પોઝ આપી રહી હતી, ત્યારે તેને ગુસ્સો આવી ગયો. હકીકતમાં ફોટો ક્લિક કરાવવા દરમિયાન પેપરાઝી તેને સતત રાઈટ અને લેફ્ટ થવા માટે કહી રહ્યા હતા. આનાથી પરેશાન થઈને કરીનાએ પેપરાઝીને ઠપકો આપ્યો અને કહ્યું કે ક્યારેક આમ, ક્યારેક તેમ, મેં હિલ્સ પહેરી છે. વારંવાર એંગલ બદલવાની સૂચનાથી કરીના અસહજ થઈ ગઈ. તેના ચહેરા પર નારાજગી સ્પષ્ટ જોવા મળી. કરીનાએ પેપરાઝીને ટોકતાં કહ્યું કે, તે હિલ્સ પહેરીને વારંવાર આમ-તેમ ફરી શકતી નથી.

# હવામાં જ એન્જિન ખોટકાયું

**229** મુસાફરો સાથેની ઇન્ડિગો ફ્લાઇટનું ગોવામાં ઇમરજન્સી લેન્ડિંગ

પણજી, તા. 1 (PTI) મંગળવારે દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ, જેમાં 229 મુસાફરો સવાર હતા, ટેકઓફ કર્યાની લગભગ 30 મિનિટ પછી ગોવા પરત ફરી હતી અને હવાઈ મુસાફરી દરમિયાન એરક્રાફ્ટના એન્જિનમાંથી એક એન્જિન નિષ્ફળ ગયા પછી મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જોકે, ઉત્તર ગોવાના મોપા સ્થિત એરપોર્ટ પર એરક્રાફ્ટ સુરક્ષિત રીતે ઊતર્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, "ઈન્ડિગો ફ્લાઈટ 6ઈ 2102, જે સવારે 9.16 વાગ્યે ગોવાથી દિલ્હી માટે રવાના થઈ હતી, તેના એક એન્જિનમાં ખામી સર્જાયાનો રિપોર્ટ કર્યા બાદ ગોવા પરત ફરી હતી. એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)એ સવારે 9.30 વાગ્યાની આસપાસ પૂર્ણ ઈમરજન્સી જાહેર કરી હતી અને એરક્રાફ્ટ સવારે 9.51 વાગ્યે રનવે 28 પર સુરક્ષિત રીતે ઊતર્યું હતું."

ફ્લાઈટમાં 229 મુસાફરો સવાર હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "એક એન્જિનમાં ટેક્નિકલ ખામી સર્જાયા બાદ ફ્લાઈટ પરત ફરી હતી." ઈન્ડિગોના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ઉત્તર ગોવાથી દિલ્હી જતી ઈન્ડિગો ફ્લાઈટ 6ઈ 2102માં ટેકઓફ કર્યાના થોડા સમય પછી એક ટેક્નિકલ સમસ્યા શોધી કાઢવામાં આવી હતી.

# ન્યૂયોર્કમાં મહિલાએ અચાનક ૨ લોકો પર ચાકૂથી હુમલો કર્યો, ૧નું મોત

**પોલીસ** ગોળીબારમાં હુમલાખોર મહિલાનું પણ મોત

ન્યૂયોર્ક, તા. ૧ (એપી) ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટ અનુસાર, એક મહિલાએ ન્યૂયોર્ક સિટીના ટાઈમ્સ સ્ક્વેરમાં અચાનક બે લોકો પર ચાકૂથી હુમલો કર્યો હતો, જેમાં એક મહિલાનું મોત થયું હતું અને ત્યાર બાદ પોલીસ ગોળીબારમાં હુમલાખોર મહિલાને પણ ઠાર કરવામાં આવી હતી. સોમવારે આ ગોળીબારની ઘટના ન્યૂયોર્ક પોલીસ ડિપાર્ટમેન્ટના સબસ્ટેશનની બાજુમાં 'વન ટાઈમ્સ સ્ક્વેર'ની બહાર બની હતી. આ એ જ બિલ્ડિંગ છે જ્યાં શહેરના વાર્ષિક ન્યૂ યર ઈવ બોલ ડ્રોપની ઉજવણી થાય છે. તે સમગ્ર ન્યૂયોર્કમાં સૌથી વધુ પ્રવાસીઓ ધરાવતા અને કડક પોલીસ સુરક્ષાવાળા વિસ્તારોમાંથી એક છે. સોમવારે સાંજે એક પત્રકાર પરિષદમાં પોલીસે જણાવ્યું હતું કે, ક્વીન્સમાં રહેતી ૪૯ વર્ષીય મહિલાએ એક શોપિંગ બેગમાંથી બે ચાકૂ કાઢીને ૬૮ વર્ષીય પુરુષના પેટના ભાગે ચાકૂ મારી દીધું હતું અને ત્યાર બાદ તરત જ ફરીને એક ૩૨ વર્ષીય મહિલાના પેટમાં પણ ચાકૂ મારી દીધું હતું. બંનેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મહિલાનું મોત થયું છે અને પુરુષની સ્થિતિ સ્થિર છે.

પીડિતો શહેરની મુલાકાતે આવેલા પ્રવાસીઓ હતા કે સ્થાનિક રહીશો, તે અંગે પોલીસે ખુલાસો કર્યો નથી.